# બારડોલીમાં વીજ ધાંધિયાને લીધે શેરડી પિયતની તકલીફ

**વિવિધ** ગામોમાં બેથી ત્રણવાર પાવર શટડાઉન થતાં લોકો પરેશાન



બારડોલી: બારડોલી તાલુકામાં વીજ ધાંધિયાથી ખેડૂતો સહિત ગ્રામજનો પરેશાન છતાં વીજ કંપનીના અધિકારીઓનું પેટનું પાણી હલતું નથી. છેલ્લા એક મહિનાથી વધુ સમય વીતી ગયો છતાં વરસાદ ન પડતા ખેડૂતોએ સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં રોપાણ કરેલી શેરડીને પાણી આપવા માટે ભારે તકલીફ પડી રહી છે. જેને કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ દક્ષિણ ગુજરાતના ખેડૂતો અવારનવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. છેલ્લાં ઘણાં વર્ષથી પાછોતરો વરસાદ ખેડૂતોના પાક માટે આફત બનતો આવ્યો છે. ત્યારે આ વર્ષે બારડોલી તાલુકાના ખેડૂતો માટે વરસાદના બદલે ડીજીવીસીએલનો અણઘડ વહીવટ વિલન સાબિત થઇ રહ્યો છે. છેલ્લા એક મહિનાથી વરસાદ ન પડતાં ખેડૂતોએ ડાંગરનો પાક તો લણી લીધો અને ત્યારબાદ શેરડીની પણ રોપણી કરી દીધી હતી. પરંતુ એક તરફ વીજ કંપની દ્વારા ખેતીવાડીમાં પૂરતો વીજ પુરવઠો આપવામાં આડોડાઈ કરાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. મહિના અગાઉ રોપણી કરેલી શેરડીમાં નદી તેમજ કૂવામાં મશીનથી પાણી પીવડાવવાની નોબત ઊભી થઇ છે. તો બીજી તરફ સરકાર દ્વારા ચોવીસ કલાક જ્યોતિ ગ્રામ યોજનાની મોટી મોટી વાતો પોકળ સાબિત થઇ હોય તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે. દિવસ દરમિયાન બારડોલી તાલુકાનાં વિવિધ ગામોમાં બેથી ત્રણવાર પાવર શટડાઉન થતાં આકરી ગરમીમાં લોકો અકળાઈ ઊઠ્યા છે. જેને કારણે ખેડૂતો સહિત સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# બહારનાં તત્ત્વોની દખલ મુદ્દે અરેઠમાં ૫૦૦ લોકોનો વિરોધ

**ખોટી** અને પાયાવિહોણી અરજીઓ કરી ગામની શાંતિ ડહોળવાનો કુટિલ પ્રયાસ, મામલતદારને આવેદન પાઠવાયું


હિતેશ પટેલ

માંડવી: અરેઠ ગામે મૂળ નિવાસીઓની જમીન-મિલકતો સામે બહારના બદઈરાદા ધરાવતાં તત્ત્વો દ્વારા ખોટી અને પાયાવિહોણી અરજીઓ કરીને ગામની શાંતિ ડહોળવાના કુટિલ પ્રયાસો સામે ગ્રામજનોનો રોષ ભભૂકી ઊઠ્યો છે. બુધવારે ગામના ૫૦૦થી વધુ આક્રોશિત ગ્રામજનોએ એકત્રિત થઈ મામલતદાર સમક્ષ લેખિત આવેદનપત્ર રજૂ કર્યું હતું અને ગામ વિરોધી તત્ત્વો સામે દાખલારૂપ કડક કાનૂની કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર માંગરોળના વાલેસા ગામના રહેવાસી તેજસકુમાર હરીશભાઈ કટારિયા દ્વારા અરેઠ ગામના લોકોની માલિકીના ઘર અને જમીન બાબતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સીધી ખોટી અરજી કરવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, આ અરજદાર તાલુકા પંચાયત વિસ્તારની બહારનો હોવાથી ગામમાં કોઈ જ મિલકત ધરાવતો નથી. આ અરજદાર સ્થાનિક રહેવાસી ચિરાગકુમાર કિશોરસિંહ સોલંકીનો સંબંધી છે, જે અગાઉ પણ પંચાયતનાં વિકાસ કાર્યો વિરુદ્ધ અટકચાળી અરજીઓ કરીને ગામનું વાતાવરણ ડહોળતો રહ્યો છે. આ ઉપરાંત ભરતભાઈ ઉર્ફે ભરતભાઈ ધનજીભાઈ પટેલ જેવા અન્ય શખ્સો પણ આવાં તત્ત્વોને કાવતરા રચવા પ્રોત્સાહન આપીને નિર્દોષ ગ્રામજનોને હેરાન કરી રહ્યા છે. વહીવટી નિયમો સ્પષ્ટ કહે છે કે, તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા પહેલા ગ્રામ પંચાયત કે તલાટી સમક્ષ લેખિત રજૂઆત કરવી અનિવાર્ય છે, છતાં કાયદાના આ નિયમોને નેવે મૂકીને આ અરજી સ્વીકારી લેવામાં આવી છે.

અરેઠ ગામના લોકો પેઢીઓથી મૂળ નિવાસી તરીકે શાંતિપૂર્ણ રીતે વસવાટ કરે છે. બહારના કોઈપણ અસામાજિક તત્ત્વો દ્વારા ગામની શાંતિ ભંગ કરવાના પેંતરા હવે જરાય ચલાવી લેવામાં નહીં આવે. જો ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ દ્વારા ગ્રામજનોની મિલકત સામે આંખ ઉઠાવવામાં આવશે અથવા ખોટા વાંધા ઊભા કરાશે, તો ગ્રામજનો એકજૂટ થઈ એવા કડક કાનૂની પગલાં લેશે જે કાયમ માટે દાખલો બનશે. વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે યોગ્ય તપાસ કરીને દોષિતો સામે કાયદાકીય શિકંજો કસે અને મૂળ નિવાસીઓના હિતોનું રક્ષણ કરે તેવી આક્રમક માંગ કરાઈ છે.

# અંકલેશ્વર પાલિકાની સભામાં હલ્લો, વિપક્ષનો ‘વોકઆઉટ’

**૧૨૧** એજન્ડાનાં કામોમાંથી મોટા ભાગનાં કામો બહુમતીના જોરે મંજૂર કરાયાં

**ચર્ચા** વિના ઠરાવો પસાર થતાં લોકશાહી પ્રક્રિયા સામે સવાલો


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાની ક્વાર્ટરલી જનરલ બોર્ડ મિટિંગમાં આજે શરૂઆતથી જ શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ભારે હોબાળો જોવા મળ્યો હતો. ઝીરો અવર્સ દરમિયાન વિપક્ષી સભ્યો દ્વારા રજૂ કરવામાં આવતા આક્ષેપો અને વિરોધ વચ્ચે આ વખતે શાસક પક્ષના સભ્યોએ એકજૂથ થઇ આક્રમક વલણ અપનાવતાં બોર્ડનું વાતાવરણ ગરમાયુ હતુ. અંતે વિપક્ષના ૧૧ સભ્યોએ વોકઆઉટ કરતાં શાસક પક્ષે બહુમતીના જોરે એજન્ડાનાં કામો મંજૂર કર્યાં હતાં.

બેઠકના પ્રારંભે જ વિપક્ષી સભ્યો જહાંગીર ખાન પઠાણ અને રફીક ઝઘડિયાવાળાએ વિવિધ મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો. જોકે, શાસક પક્ષના સભ્યો દ્વારા સામૂહિક વિરોધ અને હોબાળાના પગલે વિપક્ષને પોતાની વાત રજૂ કરવામાં મુશ્કેલી પડી હતી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની બોર્ડ મિટિંગમાં ઝીરો અવર્સની જોગવાઈ અને તેની પ્રક્રિયાને લઈને બંને પક્ષો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. વિપક્ષી સભ્યોએ શાસક પક્ષની વર્તણૂકને લોકશાહી પરંપરાની મજાક ગણાવી વિરોધ ચાલુ રાખ્યો હતો. બીજી તરફ શાસક પક્ષના સભ્યોએ પણ વિપક્ષના આક્ષેપોનો આક્રમક અંદાજમાં જવાબ આપ્યો હતો. આખરે બેઠક શરૂ થયાની આશરે ૨૦ મિનિટમાં જ વિપક્ષના હાજર ૧૧ સભ્યોએ વોકઆઉટ કરી દીધો હતો.

વિપક્ષની ગેરહાજરી બાદ નગરપાલિકા પ્રમુખ જિગ્નેશ અંદાડિયાએ એક પછી એક એજન્ડાનાં કામો રજૂ કર્યાં હતાં. શાસક પક્ષના હાજર ૨૩ સભ્યોએ સમર્થન આપતાં એજન્ડાનાં મોટા ભાગનાં કામો બહુમતીથી મંજૂર કરવામાં આવ્યાં હતાં. કુલ આશરે ૧૨૧ એજન્ડાનાં કામોમાંથી ત્રણ કામોને બાદ કરતાં બાકીનાં કામો અંગે કોઈ વિસ્તૃત ચર્ચા થઈ નહોતી.



# ચોપડી-રીંગા પાદરના ગ્રામજનો મૂળભૂત સુવિધાઓથી વંચિત

**દેશની** આઝાદીનાં 78 વર્ષ થયા છતાં આજેય પાકા રસ્તા અને પીવાના પાણીની સુવિધા નથી

સાગબારા, ચિકદા: સાતપુડાની તળેટીમાં આવેલા નર્મદા જિલ્લાના ચોપડી અને રીંગા પાદર ગામના રહીશોને ભલે શુદ્ધ હવા મળતી હોય, પરંતુ માળખાગત સુવિધાઓની દૃષ્ટિએ તેઓ હજુ પણ 18મી સદીમાં જીવી રહ્યા હોય તેવી સ્થિતિ છે. દેશની આઝાદીને 78 વર્ષ પૂર્ણ થયા છતાં આ ગામના રહીશો આજે પણ પાકા રસ્તા અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત છે. ગીચડથી ચોપડી અને રીંગા પાદર તરફ જતો રસ્તો ન બનતાં સ્થાનિક લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રામજનોએ તેમની પીડા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પહેલા અમને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવે તો જ લોકશાહી સાચી ગણાશે.

સાંપ્રત અને AI યુગમાં જ્યાં ચપટીમાં સુવિધાઓ ઊભી કરી શકાય છે, ત્યાં કેટલાંક ગામોમાં માળખાગત સુવિધાઓ જાણે અભરાઈ પર ચઢાવી દીધી હોય તેમ લાગે છે.

ચોપડી અને રીંગા પાદર ગામના લોકોએ રસ્તા અને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. રસ્તાનું હજુ કોઈ ઠેકાણું નથી. દાયકાઓથી આ રસ્તાના અભાવે વિદ્યાર્થીઓ, વૃદ્ધો, મહિલાઓ અને બીમાર લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે ગ્રામજનોએ કમસેકમ ચોપડી-રીંગા પાદર સુધીના રસ્તા બનાવવા તથા પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાની માંગ સાથે સંબંધિત સત્તાવાળાઓને ધ્યાન દોર્યું છે.

# માંડવી-કામરેજમાં હાઈમાસ્ટ ટાવરથી સુરક્ષા-સુવિધા વધશે


હિતેશ પટેલ

**બારડોલી** લોકસભા વિસ્તારનાં ૧૧ ગામોમાં સાંસદ પ્રભુભાઈ વસાવાની ગ્રાન્ટમાંથી ટાવર સ્થાપિત કરાયા

માંડવી: બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાની સાંસદ ગ્રાન્ટમાંથી બારડોલી લોકસભા હેઠળ આવતાં વિવિધ ગામોમાં ‘ઈલેક્ટ્રિક હાઈમાસ્ટ ટાવર’ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં રોશની અને જનસુવિધામાં મોટો વધારો થશે. માંડવી તાલુકાના કેવડિયા, સાદડી, બલાનીજા, ચોરાંબા, બોરી, વરેઠી, દેવગઢ, ખજરોલી, વરેઠ, કામરેજ તાલુકાના ડુંગર ગામ અને કામરેજ ચાર રસ્તા મળીને કુલ ૧૧ ગામમાં ટાવર ઊભા કરાયા છે. ગામના સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા સાંસદને જાહેર સ્થળોએ યોગ્ય પ્રકાશ વ્યવસ્થા માટે રજૂઆતો કરવામાં આવી હતી. ખાસ કરીને નવરાત્રિ, દિવાળી જેવા પવિત્ર તહેવારો દરમિયાન માતાજીના ગરબા, સાંસ્કૃતિક ઉત્સવો તેમજ અન્ય સામાજિક પ્રસંગો જ્યાં યોજાય છે તેવાં મુખ્ય જાહેર સ્થળો પર પૂરતો પ્રકાશ મળી રહે તે પ્રાથમિકતા હતી. લોકલાગણી અને જરૂરિયાતને ધ્યાને રાખીને સાંસદ દ્વારા આ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી છે. ગામના આગેવાનો અને સ્થાનિક નાગરિકોએ આ લોકઉપયોગી કાર્ય બદલ સાંસદનો આભાર વ્યક્ત કર્યો છે. સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને શહેર જેવી ઉત્તમ સુવિધાઓ મળી રહે તે અમારો સતત પ્રયાસ રહ્યો છે. આ હાઈમાસ્ટ ટાવર લાગવાથી માત્ર ઉત્સવો દરમિયાન જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં પણ રાત્રિના સમયે ગ્રામજનોની અવરજવર વધુ સુગમ અને સુરક્ષિત બનશે.

# પાલઘરમાં કાર ખરીદવા પૈસા નહીં આપતાં યુવકે પિતાનું ગળું કાપી નાંખ્યું

**આરોપી** પુત્ર મુકેશ પરમારની ભરૂચથી ધરપકડ



ભરૂચ: મહારાષ્ટ્રના પાલઘરમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં રાજસ્થાનના એક વેપારીના પુત્રએ નવી કાર ખરીદવા માટે પૈસા માંગ્યા હતા. પિતાએ પૈસા આપવાનો ઈનકાર કરતાં પુત્રએ ગ્રાઈન્ડરથી તેમનું ગળું કાપીને હત્યા કરી દીધી હતી.

મળતી માહિતી અનુસાર વેપારી મોહનલાલ પરમાર (ઉં.વ.59) મૂળ પાલીના દેસુરીના રહેવાસી હતા અને લગભગ 30 વર્ષથી મહારાષ્ટ્રના પાલઘરમાં રહેતા હતા. દાદરમાં તેમની વાસણોની દુકાન હતી. ઘટના સમયે તેઓ તેમના બીજા પુત્ર મુકેશ સાથે ઘરે હતા, જ્યારે તેમની પત્ની ગામ ગઈ હતી અને મોટા તથા નાના પુત્રો દુકાન પર હતા. પોલીસના જણાવ્યાનુસાર રવિવારે સાંજે લગભગ 5 વાગ્યે આ ઘટના બની હતી. મોહનલાલે તેમના પુત્રને કાર ખરીદવા માટે પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો, જેને લઈને 25 વર્ષીય મુકેશ પરમારે તેમની સાથે ઝઘડો કર્યો હતો. થોડા સમય બાદ મુકેશ હાર્ડવેરની દુકાનમાંથી ટાઈલ કાપતી ઈલેક્ટ્રિક ગ્રાઈન્ડર ખરીદીને ઘરે પાછો ફર્યો અને તેના પિતાનું ગળું કાપી નાંખ્યું હતું. ગુનો કર્યા બાદ આરોપી પુત્ર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. નાના પુત્ર ભાવેશે તેના પિતાને ફોન કર્યો, પરંતુ જ્યારે તેમણે કોઈ જવાબ ન આપ્યો, ત્યારે તેણે એક મિત્રને ફ્લેટમાં જઈને ખબર પૂછવા કહ્યું. મિત્ર ત્યાં પહોંચ્યો ત્યારે તેણે મોહનલાલનો લોહીથી લથબથ મૃતદેહ રૂમમાં પડેલો જોયો. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટના સ્થળે પહોંચેલી પોલીસે મૃતદેહને હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો, જ્યાં ડોક્ટરોએ મોહનલાલને મૃત જાહેર કર્યા હતા. સોમવારે પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. પોલીસ આરોપી મુકેશ પરમારની શોધમાં હતી, જેને ભરૂચથી ધરપકડ કરવામાં આવી હતી.

સોમવારે ટ્રેનમાંથી તેની ધરપકડ કરાઈ હતી. પોલીસે જણાવ્યું કે, આરોપી પુત્ર પણ દુકાન ચલાવતો હતો. બંને પુત્ર મંગળવારે સવારે તેમના પિતાના મૃતદેહ સાથે દેસુરી પહોંચ્યા હતા, ત્યારબાદ વેપારી મોહનલાલના અંતિમસંસ્કાર કરવામાં આવ્યાં હતાં. પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## અંકલેશ્વરમાં ગાંજા સાથે એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર રૂરલ પોલીસે બાતમીના આધારે પીરામણ ગામના હેપ્પી નગરમાં દરોડો પાડી અલ્તાફ હુશૈન શાહ નામના શખ્સને ૨૫૦ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૨,૫૦૦નો ગાંજો, મોપેડ, મોબાઈલ અને પ્લાસ્ટિકની થેલીઓ સહિત કુલ રૂ.૭૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. તો સુરતના શૈલેશને વોન્ટેડ જાહેર કરાયો છે.

# કતોપોરમાં ફિશ માર્કેટનું લોકાર્પણ



ભરૂચ: ભરૂચ શહેરના કતોપોર બજાર, વોર્ડ નં.10 ખાતે 52 લાખના ખર્ચે નિર્માણ પામેલા આધુનિક ફિશ માર્કેટનું લોકાર્પણ ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ, મહામંત્રી જીગ્નેશ મિસ્ત્રી, વિપક્ષી નેતા સમસાદઅલી સૈયદ તથા સ્થાનિક નગરસેવકો સહિત મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કામગીરી રાજ્ય સરકારના નાણાંપંચ અને નગરપાલિકાની વ્યવસાય વેરાની ગ્રાન્ટના સહયોગથી પૂર્ણ કરવામાં આવી છે. બજારના ઈતિહાસમાં પ્રથમ વખત આટલા મોટા પાયે આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. સ્વચ્છતા જાળવવા માટે નગરપાલિકાએ કાયમી કર્મચારીની પણ નિમણૂક કરી છે. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ જણાવ્યું કે આ પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. દિવાળી પછી બીજા તબક્કામાં શાકભાજી માર્કેટ અને કટલરી બજારનું પણ આધુનિકીકરણ કરવામાં આવશે. વેન્ટિલેશન અને પંખા જેવી બાકીની સુવિધાઓ પણ બીજા તબક્કામાં પૂરી કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધી માંડવી હાઈસ્કૂલના ‘અર્જુનો’નો ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ ડંકો


હિતેશ પટેલ

માંડવી: ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત જિલ્લા કક્ષાની આર્ચરી (તીરંદાજી) સ્પર્ધાનું સુંદર આયોજન જેથરા હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધી માંડવી હાઈસ્કૂલ (પ્રાથમિક વિભાગ)ના U-14 (અંડર-૧૪) વિભાગના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૨૦ મીટર ઈન્ડિયન રાઉન્ડમાં શાળાના તીરંદાજોએ શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરીને તમામ મુખ્ય ક્રમો પર પોતાનો દબદબો જમાવ્યો હતો. સ્પર્ધામાં ચૌધરી કૃતિક અશોકભાઈએ ૧૬૧ પોઈન્ટ સાથે પ્રથમ ક્રમ, ચૌધરી ઉર્વ નરોત્તમભાઈએ ૧૫૫ પોઈન્ટ સાથે દ્વિતીય ક્રમ તથા ચૌધરી ધ્રુમિલ ચેતનભાઈએ ૧૨૧ પોઈન્ટ મેળવીને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ત્રણેય ખેલાડીઓ હવે આગળની રાજ્યકક્ષાની આર્ચરી સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. શાળાના આચાર્ય દત્તેશભાઈ ભટ્ટ તથા સુપરવાઇઝર કાશ્મીરાબેન શુક્લના કુશળ માર્ગદર્શન હેઠળ પ્રાથમિક વિભાગના કોચ ભીલ ભીગાભાઈ દ્વારા તાલીમબદ્ધ થયેલા આ વિદ્યાર્થીઓની અદભૂત સફળતા બદલ શાળા સંચાલક મંડળના હોદ્દેદારોએ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં. ખેલાડીઓને સતત માર્ગદર્શન અને ઉત્કૃષ્ટ કોચિંગ આપનાર કોચ ભીલ ભીગાભાઈની મહેનતને પણ બિરદાવીને તેમને અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

### કામરેજ ખાતે માહ્યાવંશી સ્પોર્ટ્સ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની સભા યોજાઈ


વિશાલ પટેલ

કામરેજ: માહ્યાવંશી સ્પોર્ટ્સ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સુરતની દસમી વાર્ષિક સાધારણ સભા કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા મંછાબા હોલમાં ટ્રસ્ટના પ્રમુખ શૈલેષ સોદાગરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી મહેશભાઈ કામરેજ, નયનભાઈ અબ્રામા, કેતનભાઈ ચાસીયા, નિતીન કંથારીયા-કામરેજ તેમજ મોટી સંખ્યામાં ખેલાડીઓ અને સભ્યો હાજર રહ્યા હતા. આ સભામાં ટ્રસ્ટના ખજાનચી એવા એડ્વોકેટ કરન ચાવડા દ્વારા ગત નાણાકીય વર્ષ 2025-26નો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. જેને ઉપસ્થિત સૌ સભાસદો દ્વારા સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યો હતો. માહ્યાવંશી સમાજના ક્રિકેટ તથા પ્રગતિ માટે સભાસદો દ્વારા જુદાં જુદાં સૂચનો રજૂ કરવામાં આવ્યાં હતાં. ટ્રસ્ટની આજની દસમી વાર્ષિક સાધારણ સભાને સફળ બનાવવા માટે ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ પ્રમુખ શૈલેષ સોદાગર, ઉપપ્રમુખ હિતેશ કંથારિયા, ખજાનચી કરન ચાવડા, મંત્રી વિમલ પરમાર, સહમંત્રી રજનીકાંત કંથારિયા, ટ્રસ્ટના સલાહકાર મિતેશ પરમાર તથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સભાસદોએ ભારે જહેમત ઉઠાવી હતી. સભાનું સંચાલન ટ્રસ્ટના ખજાનચી કરનભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

### અદાણી સિમેન્ટ દ્વારા લખીગામ પંચાયતને રોડ વેક્યુમ સ્વીપર મશીન અર્પણ



ભરૂચ: અદાણી સિમેન્ટની ‘કોર્પોરેટ પર્યાવરણ જવાબદારી’ (CER) પહેલ હેઠળ અદાણી ફાઉન્ડેશન દ્વારા લખીગામ ગ્રામ પંચાયતને અદ્યતન ‘ટ્રક માઉન્ટેડ રોડ વેક્યુમ સ્વીપર મશીન’ ભેટ આપવામાં આવ્યું છે. આ આધુનિક મશીનનું વિધિવત્ લોકાર્પણ અદાણી ફાઉન્ડેશનના ડિરેક્ટર અતુલ ગોર, અદાણી દહેજ પોર્ટના સીઓઓ કેપ્ટન ધરમ પ્રકાશ, વાગરાના તાલુકા વિકાસ અધિકારી (TDO) વૈશાલી રાવ, લખીગામના સરપંચ અમરસંગભાઈ રાઠોડ તથા ઉપસરપંચ સતીશભાઈ ગોહિલના હસ્તે રિબિન કાપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અદાણી ફાઉન્ડેશનના ડિરેક્ટર અતુલ ગોરે જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ વિકાસ અને પર્યાવરણ સુરક્ષા માટે અદાણી ફાઉન્ડેશન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે મળીને સતત કાર્યરત છે. જ્યારે કેપ્ટન ધરમ પ્રકાશે આ આધુનિક મશીનનો સુચારુ ઉપયોગ કરી ગામને વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ મશીનની મદદથી ગામના મુખ્ય માર્ગોની સફાઈ વધુ ઝડપી, સરળ અને સુવ્યવસ્થિત બનશે. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય કાંતિભાઈ રાઠોડ, દહેજ પોર્ટ તથા અદાણી ફાઉન્ડેશનના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વરમાં અકસ્માતમાં યુવતીનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે નં.48 પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કિચન કબાના હોટલ પાસે એક અજાણ્યા વાહનચાલકે મોપેડને ટક્કર મારતાં 20 વર્ષીય યુવતીનું મોત થયું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા પહોંચી હતી. મૃતક યુવતીનું નામ કવિતા ડામોર હોવાનું જાણવા મળ્યું છે, જે મૂળ મધ્ય પ્રદેશની રહેવાસી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર કવિતા અને અન્ય બે વ્યક્તિ કામ માટે પાનોલીની કામધેનુ એસ્ટેટ તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન આ દુર્ઘટના બની હતી. બનાવની જાણ થતાં જ ગ્રામ્ય પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. પોલીસ અકસ્માત કરીને ભાગી ગયેલા અજાણ્યા વાહનચાલકની શોધખોળમાં લાગી ગઈ છે.

### અંકલેશ્વરના દીવા રોડ પર નાળાની કામગીરી ચાર દિવસથી બંધ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના દીવા રોડ પર ઓરેન્જ સિટી સોસાયટી નજીક બની રહેલા નાળાની કામગીરી છેલ્લા ચાર દિવસથી બંધ રહેતાં અવરજવર કરતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. નાળાના કામને અધવચ્ચે અટકાવી દેવાતાં સ્થાનિકો, વાહનચાલકો અને વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. નાળાની કામગીરી દરમિયાન ગટર પર બનાવવામાં આવેલો ટેમ્પરરી ડાયવર્ઝન રેમ્પ પણ કાચી કામગીરીને કારણે ધૂળની ડમરીઓ ઊડે છે. જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને વિદ્યાર્થીઓના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે. કાચા રસ્તા પર વાહનો સ્લિપ થવાની પણ આશંકા રહે છે. સ્થાનિકોની દૃષ્ટિએ જ્યાં સુધી નાળાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ડાયવર્ઝન માર્ગ પર કામચલાઉ ડામર પાથરી રસ્તાને સુવ્યવસ્થિત બનાવવામાં આવે તો ધૂળની સમસ્યા ઘટવાની સાથે વાહનો લપસી જવાના જોખમમાં પણ ઘટાડો થઈ શકે છે.